ક્રમાંક.જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/
વિતરણ/પોલીસી/૬/૨
ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ,
વડી કચેરી, ઉદ્યોગ ભવન, ગાંધીનગર.
તા. ૦૧ – ૦૧ – ૨૦૧૧.

:–: પ રિ પ ત્ર :–:

વિષયઃ– **નિગમની જુદી જુદી ઔદ્યોગિક વસાહતોમાં ફાળવવામાં આવેલ ઔદ્યોગિક પ્લોટની સ્વૈચ્છિક પરત સોંપણીની નીતિમાં આંશિક સુધારા બાબત.**
સંદર્ભઃ– **પરિપત્ર ક્રમાંક. ઓએન્ડએમ/સીઆઈઆર/વિતરણ/પીઓએલ//૧(૮) તા.૨૬–૦૬–૨૦૦૨.**

નિગમની વિવિધ વસાહતોમાં આવેલ ઔદ્યોગિક પ્લોટ/શેડ, વાણિજય પ્લોટ તથા મિલકત, રહેણાંક મકાન, ગોડાઉન અને રહેણાંક પ્લોટની સ્વૈચ્છિક પરત સોંપણીની પ્રવર્તમાન નીતિ સંદર્ભદર્શિત પરિપત્રથી અમલમા છે. આ નીતિ અમલમાં આવ્યા બાદ કોઈ ઉદ્યોગકાર નિગમ ધ્વારા ફાળવવામાં આવેલ ઔદ્યોગિક પ્લોટ/શેડ, વાણિજય પ્લોટ તથા મિલકત, રહેણાંક મકાન, ગોડાઉન અને રહેણાંક પ્લોટની સ્વૈચ્છિક પરત સોંપણી કરવા આગળ આવેલ નથી. જેથી નિગમને ખુબજ મોળો પ્રતિસાદ મળેલ છે. આવી મિલકતોનો ઉપયોગ કરવા માટે ફાળવણીદાર સક્ષમ ના હોય તેમજ નિગમ ધ્વારા ખુલ્લા પ્લોટની તબદીલી કરવા ઉપર પ્રતિબંધ મુકેલ છે અને આવા પ્રકારના પ્લોટોનો હેતુફેર કરવા ઉપર પણ પ્રતિબંધ મુકેલ છે. ત્યારે આ તમામ મિલકતો વર્ષો સુધી ઉપયોગ વિના પડી રહે છે અને ખરેખર જે અરજદાર ઉદ્યોગ સ્થાપવા ઈચ્છુક હોવા છતા આવી ફાળવણી મેળવવામા વંચિત રહે છે. જેથી નિગમે સ્વૈચ્છિક પરત સોંપણીની નીતિ એવી ઘડવાનું ધ્યાને આવતા પ્રત્યેક ફાળવણીદાર આવી મિલકત નિગમને સ્વૈચ્છિક પરત સોંપણી કરી તેણે રોકેલ મુડીનું પ્રવર્તમાન બજારની સરખામણીમાં યોગ્ય વળતર મળી રહે. તે હેતુથી નિગમની તા.૧૩–૧૨–૨૦૧૦ ના રોજ મળેલ ૪૫૨ મી સભા સમક્ષ કાર્યસુચિ સાદર કરવામાં આવેલ. જેના ઠરાવ ક્રમાંક.૧૨૧/વિતરણ/૪૫૨/૨૦૧૦ મુજબ નીચે જણાવેલ શરતોને આધિન સ્વૈચ્છિક પરત સોંપણીની નીતિ અમલમા મુકવામાં આવે છે.

૧) ફાળવણીની તારીખ અને ફાળવણીદારની સ્વૈચ્છિક પરત સોંપણી અન્વયે નિગમ ધ્વારા સ્વીકારવામાં આવેલ તારીખ વખતેના વિતરણ દરના તફાવતની ૭૫% રકમ ફાળવણીદારને પરત કરવા તથા મુદલ રકમ અને જો મિલકત ઉપર બાંધકામ થયેલ હોય તો નિયમોનુસારની તેની કિંમતનો ઉમેરો કરી કુલ રકમ ગણવી. જેમા મુદલ રકમ ઉપર ભરેલ વ્યાજનો સમાવેશ કરવો નહી. પરત કરવા પાત્ર થતી રકમમાંથી ફક્ત વિલંબિત ચુકવણા ઉપરના વ્યાજના બાકી લ્હેણાંમાંથી ૪૦% રકમ તથા રેવન્યુ ચાર્જીસની લ્હેણી રકમ અને તેના ઉપરનું વ્યાજ વસુલ કરવાનું રહેશે. **(ઉદાહરણ દર્શાવતુ પત્રક આ સાથે પરિશિષ્ટ–૧ સામેલ કરેલ છે)**

(૨) આ નીતિ ફક્ત ખુલ્લા વણવપરાશી પ્લોટ માટે જ લાગુ પાડવાની રહેશે. આમછતા જો કોઈપણ ફાળવણીદાર બાંધકામ સાથેનો પ્લોટ નિગમને પરત કરવા સહમતી આપે તો તેવા કિસ્સામાં જમીનની કિંમત તથા બાંધકામની નિયમોનુસાર થતી કિંમત ધ્યાને લેવાની રહેશે. આવા પ્રકારની મિલકતોમાં કોઈ મશીનરી પડી રહેલ હોય તો મિલકત પરત સોંપણીની અરજી કરતા પહેલાં ફાળવણીદારે પોતે તેઓની જાતે તેનો નિકાલ કરી મિલકત ચોખ્ખી કરવાની રહેશે.

(૩) સ્વૈચ્છિક પરત સોંપણી યોજનાનો લાભ મેળવતા ફાળવણીદારે તેઓની મિલકત અન્ય કોઈપણ જાતના બોજા રહિત નિગમને પરત સોંપવાની રહેશે અને ભવિષ્યમાં આ અંગે કોઈ વાદ–વિવાદ કે તકરાર કરશે નહી તે બાબતનું ફાળવણીદારે નિગમને બાંહેધરી ખત પુરૂ પાડવાનુ રહેશે.

(૪) વણવપરાશી પ્લોટનો કબજો પરત લેવા અંગે જી.પી.પી. એકટ હેઠળ કાર્યવાહી ચાલુ હોય તેવા કિસ્સાઓમાં પણ જો ફાળવણીદાર તેઓનો કોર્ટમાં જવાનો વિકલ્પ જતો કરવા તૈયાર હોય અને તે અંગે જરૂરી બાંહેધરી આપતા હોય તો તેઓને પણ આ નીતિનો લાભ આપવો.

(પા છ ળ)

(૫) પરત સોંપણી અંગેની રકમની ગણતરી કરતા પહેલાં ફાળવણીદારે ભરપાય કરેલ રકમ અને બાંધકામની કિંમત મળી કુલ રકમ કરતા વધારે રકમ પરત કરવા પાત્ર થતી હોય તો ફક્ત ભરપાય કરેલ રકમ જ પરત ચુકવવાની રહેશે.

**<u>દા.ત.</u>**

જે વસાહતોના ફાળવણી દરમાં ૫૦% થી ૧૦૦% અથવા તેથી પણ વધુ વધારો થયેલ હોય એટલે કે વિતરણ દરના તફાવતની રકમ ભરપાઈ કરવામાં આવેલ રકમ કરતા વધુ આવતી હોય તેવા કિસ્સાઓમાં પરત ચુકવણીની રકમની ગણતરી કરવામાં આવે ત્યારે ફાળવણીદાર ધ્વારા ભરવામાં આવેલી મુળ રકમને ધ્યાને લઈને તે પ્રમાણે ચુકવણી કરવાની રહેશે.

(૬) અગાઉ નિકાલ થઈ ગયેલ આવા કિસ્સાઓ ફરી નહી ખોલવાની સ્પષ્ટ સુચના આપવામાં આવે છે અને પરિપત્રની તારીખ પહેલાં નિકાલ ન થયેલ હોય તેવા સ્વીકારયેલ પરત સોંપણીના કિસ્સાઓમાં જે તે સમયની પરત સોંપણીની નીતિ લાગુ પાડવાની રહેશે.

(૭) આ નીતિ અત્યારે એક વર્ષ માટે અમલી બનાવવામાં આવે છે. એટલે કે **<u>તા.૩૧–૧૨–૨૦૧૧ સુધી જ</u>** અમલી રહેશે. ત્યારબાદ અનુભવ ઉપરથી નીતિ અંગે પુનઃ વિચારણા કરવામાં આવશે.

આ પરિપત્રની સુચના અનુસારઉદાહરણરૂપે ગણતરી પત્રક પરિશિષ્ટ–૧ ઉપર સામેલ છે તે મુજબ ક્ષેત્રિય કચેરી ધ્વારા ગણતરી કરી અને હિસાબી અધિકારીશ્રી મારફત પ્રમાણિત કરાવીને આવા પ્રકારની દરખાસ્ત મંજુરી અર્થે વડી કચેરીએ સાદર કરવાની રહેશે. અને આ અંગે નિર્ણય લેવા અંગેની સત્તા નિગમના ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલકશ્રીને સોંપવામાં આવેલ છે. જેની તમામ વિતરણ અધિકારીશ્રીઓએ નોંધ લેવી અને આ પરિપત્રનો ચુસ્તપણે અમલ કરવો અને પરિપત્ર મળ્યા બાબતની નામજોગ જનરલ મેનેજર(વિતરણ)ને પહોંચ પાઠવવી.

**<u>બીડાણઃ– ઉપર મુજબ.</u>**

સહી/–
ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક.

પ્રતિ,

- નિગમના તમામ વિતરણ અધિકારીશ્રીઓ તરફ...........

**<u>નકલ જયભારત સહ રવાના.</u>**

- પ્રમુખશ્રી, ફેડરેશન ઓફ ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશન, અમદાવાદ તરફ જાણ તેમજ તમામ માન્ય ઔદ્યોગિક વસાહત મંડળોના પ્રમુખશ્રીઓને જાણ કરવા સારૂ.
- મદદનીશ મેનેજર,ઉપા.અને વ.સં.શ્રી (સેલ) જી.આઈ.ડી.સી. વડી કચેરી, ગાંધીનગર તરફ જાણ તેમજ સદર પરિપત્ર નિગમની વેબ સાઈટ ઉપર મુકવા સારૂ.
- જનરલ મેનેજરશ્રી(બોર્ડ) જી.આઈ.ડી.સી. વડી કચેરી, ગાંધીનગર તરફ ઠરાવની શરત નં.૮ અન્વયે ઘટતિ કાર્યવાહી કરાવવા સારૂ.

રવાના કર્યુ.
સહી/–
જનરલ મેનેજર (ઈ એન્ડ એ)